ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/1847-81
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.05/02/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- કોવિડ-19 ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને પ્રવેશથી વંચિત રહેલ ધોરણ-9 થી 12ના વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ :- (1) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/2841-75, તા.23/09/2020.
(2) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/3626-60, તા.19/11/2020.
(3) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/4121-55, તા.21/12/2020.
(4) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/1642-76, તા.25/01/2021.

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે રાજ્યમાં કોવિડ-19 ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે અમુક લોકો સ્થળાંતર કરી રહ્યા હતા. તેથી કેટલાક વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશ મેળવવાથી વંચિત રહી ગયેલ હતા. જે બાબત ધ્યાને લઈને અત્રેના સંદર્ભ-1 થી 4 દર્શિત પત્રો અન્વયે ધોરણ-9 થી 12ના વિદ્યાર્થીઓને શાળામાં તા.31/01/2021 સુધી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી પ્રવેશ આપી શકાશે તેમ જણાવેલ હતું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીને ઉક્ત બાબતે મળેલ રજૂઆતોને ધ્યાને લેતાં કોવિડ-19 ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ-2020/21 માં ધોરણ-9 થી 12 માં પ્રવેશથી વંચિત રહી ગયેલ વિદ્યાર્થીઓને તા.28/02/2021 સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવી શાળામાં પ્રવેશ આપી શકાશે. કોવિડ-19 ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે પ્રવેશથી વંચિત રહી ગયેલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે પાંચ વાર મુદત લંબાવવામાં આવેલ હોઈ તેમજ પ્રવેશની કામગીરી પણ શાળાકક્ષાએ પૂર્ણ થઇ જ ગયેલ હોય જે બાબત ધ્યાને લેતા પ્રવેશ માટેની તારીખ હવે પછી લંબાવવામાં આવશે નહી. વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓના હિતમાં આ છેલ્લી તક આપવામાં આવે છે. જેની નોંધ લેવા તેમજ ઉક્ત વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારું મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

જા. નં./મા-૨/૨૦૨૧/1517
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત
તા.: ૦૬/૦૨/૨૦૨૧

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

પ્રતિ,
સુરત શહેર/જિલ્લાની તમામ મા. અને ઉ.મા. શાળાઓ તરફ,
જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.